# 'સોચ બદલી... મેરા ગાંવ બદલ રહા હૈ...!!' વાસુદેવ ગજ્જર

**મેલેરિયા નાબુદી અભિયાનમાં સાવ અનોખો પ્રયોગ : પલીયડના એમ.પી.એચ. વર્કર દ્વારા હાથ ધરાયો : ઘેર ઘેર સ્ટીકર લગાવ્યા તાવ આવે તો સારવાર માટે સંપર્ક કરો : મેલેરિયા અટકાવવાના પગલાં પણ લખ્યા**

**વિશેષ સ્ટોરી - પ્રકાશ જહા**

ગાંધીનગર, તા.૧૨

આપના ઘરમાં કોઈને પણ તાવ આવ્યો હોય તો સારવાર માટે મિસ કોલ કરી મારો સંપર્ક કરો... આ વિચાર નહિ પણ મેલેરિયા નાબુદી અભિયાનના સંકલ્પ અંતર્ગત કલોલ તાલુકાના પલીયડ ગામના એમ. પી. એચ. ડબલ્યુ. વર્કર વાસુદેવ ગજ્જરે હાથ ધરેલ નમુનારૂપ કામગીરીની વાત છે.

વાસુદેવ ગજ્જર દ્વારા ગામના દરેક ઘરમાં આ માટેના સ્ટીકર લગાવવાનો નર્ણય કર્યો છે અને હાલ પટેલ વાસ, ઠાકોર વાસ અને ગામના કેટલાક જાહેર સ્થાનો પર સ્ટીકર લગાવી દીધા છે. આ સપ્તાહના અંત સુધીમાં તે કામગીરી પૂર્ણ કરી દેવાશે.

આજે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં વાસુદેવભાઈએ જણાવ્યું હતું કે આ સ્ટીકર લગાવ્યા પછી અત્યાર સુધીમાં પાંચ કેસ તાવના મળી આવ્યા છે. તેમના લોહીના નમૂના મેળવી અને તપાસ કરી છે. જેમાંથી એક પણ કેસ મેલેરિયા પોઝીટીવનો મળ્યો નથી.

તેમણે કહ્યું કે મલ્ટી પરપઝ હેલ્થ વર્કર તરીકેની કામગીરીનું ભારણ થોડુંક વધુ હોય છે એટલે મારી કામગીરી હળવી બને અને દર્દીને સમયસર સારવાર મળે તે મારો હેતુ છે.

વાસુદેવભાઈએ જણાવ્યું હતું કે મેલેરિયા નાબુદી અભિયાન અંતર્ગત કંઈક ઈનોવેટીવ કામ કરવાની વાતો જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણી સાહેબ, ટી.એચ.ઓ. ડૉ. હર્ષદભાઈ પ્રજાપતિ અને મેલેરિયા અધિકારી મમતાબેન સતત કહેતા હતા.

જૂન માસ મેલેરિયા વિરોધી માસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે અને આમાં બેલેટની કામગીરી પર પણ વિશેષ ભાર મુકવામાં આવતો હોય છે. હાલ 'મા' કાર્ડની કામગીરી પણ ચાલી રહી છે આ ઉપરાંત બાળકોમાં ઝાડા પ્રતિરોધક ઝુંબેશ પણ બે દિવસમાં શરુ થવાની છે.

આ બધા કાર્યભારણ વચ્ચે સરળતા રહે તે બાબત મારી વિચારણામાં હતી અને મને આવા સ્ટીકર બનાવવાનો વિચાર આવ્યો જેમાં વાહકજન્ય રોગચાળાના અટકાયતી પગલાંઓની સાદી ભાષામાં લોકોને વાત પહોંચે તે રીતે લખ્યા અને સ્ટીકર બનાવડાવ્યા.

મારી આ વાત મેં મારા મિત્રોને કરી તેમને પણ ખુબ પસંદ પડી. સ્ટીકર તૈયાર થઈને ૭મી મે મળી જતાં જ તે લગાવવાની કામગીરીનો આરંભ પણ મિત્રો અને ગ્રામજનોના સહયોગ સાથે શરુ કરી દીધી.

વાસુદેવભાઈએ જણાવ્યું કે આ વાતની જાણ જિલ્લા વિકાસ અધિકારી શ્રી સાહેબને થઈ તેઓ સેવા સેતુ કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હતા. તેમણે ગામમાં મેં લગાડેલા સ્ટીકરની વાત જાણી એટલે ગામની મુલાકાત લેવાનો નિર્યણ કર્યો તેઓ ગામમાં ફર્યા પછી મને મળ્યા અને મારી પીઠ થપથપાવી. એટલું જ નહિ તેમણે જાતે કેટલાક ઘરોમાં અમારી ટીમ સાથે ફરીને પંચાયતના ઉપપ્રમુખ ભરતભાઈ સાથે સ્ટીકર લગાવ્યા હતા.

વાસુદેવભાઈએ કહ્યું કે 'સોચ બદલો દેશ બદલેગા' એ વાકય મને બરાબર યાદ રહી ગયું હતું.




● અનુસંધાન પાના - ૭ પર

# ઈન્દ્રોડા પાર્કમાં પ્રેમી-પંખીડાનો લિમડાના ઝાડ પર દોરી બાંધી આપઘાત

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના ઈન્દ્રોડા પાર્ક ખાતે રવિવાર સાંજે લિમડાના ઝાડની ડાળીએ નાયલોનની દોરી બાંધી પ્રેમી-પંખીડાએ આપઘાત કરી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. બનાવ અંગે ગીર ફાઉન્ડેશનના ડેપ્યુટી ડાયરેકટર એ.કે. પટેલે ઈન્ફોસીટી પોલીસને જાણ કરતા પોલીસ આવી પહોંચી હતી અને ગુનોં નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ રવિવારના રોજ અમદાવાદ ડફનાળા, થર્ડ આઈ ફલેટ શાહીબાગ અમદાવાદ ખાતે રહેતા માલાજી હીરાજી ઠાકોરની ૧૭ વર્ષિય દિકરી હેતલબેન તેમજ ચાણસ્મા તાલુકાના ટીંડોડા ગામના મનુજી ભીખાજી ઠાકોર ઉ.વ.૨૦ ઈન્દ્રોડા પાર્ક ખાતે ફરવા આવ્યા હતા. ત્યારબાદ અચાનક લિમડાના ઝાડની ડાળ સાથે નાયલોનની દોરી બાંધી બંન્ને પ્રેમી-પંખીડાએ આપઘાત કરી જીવનલીલી સંકેલી લીધી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં આ બંન્ને વચ્ચે પ્રેમ પ્રકરણ હતું પરંતુ પ્રેમ લગ્નમાં ન પરિણમતા આ હતાશ પ્રેમી-પંખીડાએ આપઘાતનું પગલુ ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ આદરી છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ડોકટર સાહેબ... આનુ થાય તો સીઝેરીયન કરી નાખો ને... જી.એસ.ટી. પછી બારથી અઠવાવીસ ટકા વધારે આપવા કરતા અત્યારે સસ્તામાં પતે...

# ગાડી સાઈડમાં મુકો, કહેવાનું સિવિલના સિક્યુરીટી ગાર્ડને ભારે પડ્યું

**ભાજપના વીઆઈપી નેતાને ઓળખી ન શકનાર ગાર્ડને લેખિતમાં માફીપત્ર લખાવી નોકરીમાંથી પાણીચું પકડાયું**

ગાંધીનગર, તા.૧૨

તાજેતરમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અજીબો ગરીબ કિસ્સો સામે આવ્યો છે. જેમાં ભાજપના વીઆઈપી નેતાને ઓળખી ન શકનાર સિક્યુરીટી ગાર્ડે ફરજ પરથી હાથ ધોવાનો વારો આવ્યો છે. પ્રાપ્ત માહિતિ મુજબ આ બનાવની વિગત એવી છે કે શનિવારના રોજ સાંજે પાંચ વાગ્યાના અરસામાં આંખ વિભાગની ઓપીડીમાં આંખની સારવાર માટે ભાજપના વીઆઈપી નેતા પોતાની ખાનગી કારમાં આવ્યા હતા. ઓપીડી બિલ્ડીંગ પાસે એમ્બ્યુલન્સ ઉભી રહે છે તે સ્થળ પર વીઆઈપી નેતાના સાથે આવેલ વ્યકિતએ કાર પાર્ક કરી હતી. જેથી ત્યાં ફરજ પરના સિક્યુરીટી ગાર્ડે કાર પાર્કીંગમાં અથવા થોડી દુર પાર્ક કરવાનું કહ્યું હતું. સિક્યુરીટી ગાર્ડના વાક્યથી જાણે વીઆઈપી નેતાને માઠું લાગ્યું હતું. તે સમયે તેઓ કાંઈપણ બોલ્યા વગર જતા રહ્યા હતા. ત્યારે સિક્યુરીટી ગાર્ડને પણ કોઈ મોટા વીઆઈપી નેતા હોવાનો અહેસાસ થયો હતો. ભાજપના નેતા આંખ વિભાગમાં તપાસ કરાવીને ઘરે પણ જતા રહ્યા હતા. પરંતુ તેઓને કાર પાર્કીંગને લઈને માઠું લાગ્યું હતું. ત્યારબાદ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ફોનની ઘંટડીઓ સતત રણકતી રહી હતી. ખાનગી સિક્યુરીટીના સંચાલકો પણ સિવિલ ખાતે દોડી આવ્યા હતા અને બનાવ અંગે તંત્ર સમક્ષ માફી માંગી હતી. ત્યારબાદ તંત્ર સમક્ષ સિક્યુરીટી ગાર્ડે પણ લેખિતમાં માફીપત્ર લખી આપ્યું હતું. પરંતુ કોણ જાણે કેમ આ સિક્યુરીટી ગાર્ડને નોકરીમાંથી પાણીચું પકડાવી દીધુ છે. આ સમગ્ર કિસ્સો અત્યારે હાલના સમયે તો હોસ્પિટલમાં ચર્ચાનો વિષય બન્યો છે. બનાવ અંગે તો સિવિલના સત્તાધિશો પણ માથું ખંજવાળતા નજરે પડે છે.

# આજે જિલ્લા કોંગ્રેસની મહત્વની બેઠક

ગાંધીનગર જિલ્લાના કોંગ્રેસની તાકીદની બેઠક આવતીકાલે તા.૧૩-૬-૧૭ના રોજ બપોરે ૩-૩૦ કલાકે જિલ્લા પંચાયત, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે પ્રદેશ કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન અને પાટણના પૂર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, જિ.પં. પ્રમુખ રામાજી ઠાકોર, ધારાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, અમિતભાઈ ચૌધરી, કામીનીબા રાઠોડની ઉપસ્થિતિમાં યોજેલ છે તો સંગઠના તમામ પ્રમુખો, તાલુકા-જિલ્લાપંચાયત, નગરપાલિકાના ચૂંટાયેલા સદસ્યો, જિલ્લાના હોદ્દેદારો, યુવક કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ, મહિલા કોંગ્રેસ, વિવિધ સેલ-વિભાગના હોદ્દેદારો સહિત તમામ આગેવાનોને ઉપસ્થિત રહેવા જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવાયુ છે.

# પોલીસ કસ્ટડીમાં પાટીદાર યુવાનની થયેલ હત્યા બાબતે જિલ્લા કોંગ્રેસનું આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૧૨

૫ જુન ૨૦૧૭ના રોજ મહેસાણા તાલુકા પોલીસની કસ્ટડીમાં બલોલ ગામના ૨૯ વર્ષીય પાટીદાર યુવક કેતન પટેલનું અપમૃત્યુ થયુ છે. જેની તટસ્થ તપાસ સીબીઆઈ મારફતે કરવાની માંગ સાથે ગુનેગાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવા માંગ સાથેનુ આવેદનપત્ર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પૂર્વ પ્રમુખ જશુભા રાણા, નિશિત વ્યાસ, પ્રવકતા ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. કૌશિક શાહ, ડૉ. જીતુભાઈ પટેલ, ડૉ. દિનેશભાઈ પરમાર, શૈલેન્દ્રસિંહ બિહોલા, રામાજી ઠાકોરની આગેવાની હેઠળ જિલ્લા કલેક્ટરને સુપ્રત કરવામાં આવ્યુ હતું.

આવેદનપત્રની વિગતો અંગે માહિતી આપતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી જણાવ્યુ હતુ કે મહેસાણા ખાતેની પાટીદાર યુવકના અપમૃત્યુની ઘટના બહાર આવી છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં



આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડયા છે. પોલીસ કસ્ટડીમાં કેતન પટેલ ખુબ માર મારવામાં આવતા ૫ જૂનના રોજ રાતે ૧૦ વાગે તેમનું મોત થયુ છે. જેની સરકારે કે પોલીસતંત્રએ ફરીયાદ પણ નોંધી નથી સમગ્ર ગુજરાતમાં આ કસ્ટોડીયલ ડેથની પ્રથમ ઘટના છે કે જેમાં મૃતકનું બે વાર પોસ્ટમોટર્મ કરાયુ અને જેના બે જુદાજુદા રિપોર્ટો અલગ અલગ આવ્યા જે વર્તમાન શાસનની નિષ્ઠુરતા બતાવે છે. જેથી જિલ્લા કોંગ્રેસનું પ્રતિનિધિ મંડળ નામદાર રાજ્યપાલશ્રીને આ બાબતે તટસ્થ અને કાયદેસરની કાર્યવાહી કરવા રાજ્ય સરકારને આદેશ કરે તેવું આવેદનપત્ર જિલ્લા કલેક્ટર મારફતે સુપ્રત કરાયુ છે. તેવું જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવાયું છે.

# બુથ કાર્યકરની સક્રિયતા એ ચૂંટણી જંગનુ પહેલુ પગથિયુ છે : ગાયકવાડ

ગાંધીનગર, તા. ૧૨

કોંગ્રેસના કાર્યકરે સક્રિયતાથી પ્રજાભિમુખ કામગીરી કરી અને બુથમાં વિજય મેળવવા પડશે તેમ






શહ પ્રભારી શ્રીમતિ વર્ષાતાઈ ગાયકવાડે આજે કોંગ્રેસના બુથમથકના બુથકાર્યકરોની બેઠકને સંબોધતા જણાવ્યુ હતુ.

શ્રીમતિ ગાયકવાડે જણાવ્યુ હતુ કે રાજનીતિમાં કાર્યકર્તાની સક્રિયતા મહત્વની છે અને સક્રિય કાર્યકર્તા જ પક્ષના ઉમેદવારને વિજયી બનાવી શકે છે. આ માટે આપણે બધાએ સક્રિય પ્રજાભિમુખ કામગીરી કરીએ તે અત્યંત જરૂરી છે.

આગામી વિધાનસભાની ચૂંટણીનાં જગને જીતવા માટે ગાંધીનગર ઉત્તર અને દક્ષિણ વિધાનસભાના બુથ કાર્યકરોને બુથ સશક્તિકરણ અંગે માર્ગદર્શન આપવાનો કાર્યક્રમ આજરોજ તારીખ ૧૨-૬-૨૦૧૭ સોમવારના રોજ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ચ-૫, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના સચિવ શ્રીમતી વર્ષાતાઈ ગાયકવાડ, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહ, લોકસભા નિરીક્ષક ડૉ. દિનેશભાઈ પરમાર, જિલ્લા નિરીક્ષકો બલવંતસિંહ રાજપૂત, શહેર નિરીક્ષકો ડૉ. જીતુભાઈ પટેલ, વિધાનસભા નિરીક્ષકો જે.એમ. ત્રિવેદીની ઉપસ્થિતિમાં ૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભા માટે સવારે ૧૦ કલાકે અને ૩૫-ગાંધીનગર દક્ષિણ વિધાનસભા માટે બપોરે ૧૨ કલાકે યોજાયો. જેમાં બંને વિધાનસભા બેઠકોમાંથી ઉપસ્થિત બુથ કાર્યકરો અને આગેવાનોને બુથ સશકિતકરણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. ગુજરાત પ્રદેશના સહ પ્રભારી શ્રીમતી વર્ષાતાઈ ગાયકવાડે જણાવ્યુ હતુ કે ઉત્તર ગુજરાતના જિલ્લાઓના પ્રવાસ પછી દરેક વિધાનસભા વિસ્તારોના આગેવાનો-કાર્યકરો સાથે પરામર્શ કર્યો છે અને હવે પછીના સમયમાં બુથ મથકો ઉપર જઈને બુથ કાર્યકરોને તૈયાર કરીશ. ગુજરાતની વર્તમાન ભાજપ સરકારની ઝાટકણી કાઢીને કોંગ્રેસ કાર્યકરોને સક્રિય કામગીરી કરવા હાકલ કરી હતી. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યુ હતુ કે મીટીંગના સ્થળથી વિધાનસભાનું અંતર ફક્ત ૫૦૦ મીટર છે તેને કાપવા માટે ૬ માસનો ભરપુર સમય છે એટલે દરેક કાર્યકરે પ્રજાની અપેક્ષા પ્રમાણે નવી સરકાર કોંગ્રેસની બને તે લક્ષ્યને પૂર્ણ કરવા તનતોડ મહેનત કરવી પડશે. આ ઉપરાંત આગેવાનો સર્વ લોકસભા નિરીક્ષક ડૉ. દિનેશભાઈ પરમાર, જિલ્લા નિરીક્ષકો બલવંતસિંહ રાજપૂત, શહેર નિરીક્ષકો ડૉ. જીતુભાઈ પટેલ, વિધાનસભા નિરીક્ષકો જે.એમ. ત્રિવેદી, નિશિત વ્યાસ, જશુભા રાણા, ડૉ.સી.જે. ચાવડા, ડૉ. હિમાંશુ પટેલ, વિક્રમસિંહ ખાચર, અરવિંદસિંહ સોલંકી, લાલભાઈ પટેલ, એલ.એન.પરમાર વિગેરેએ પ્રાસંગિક સૂચનો કર્યા હતા. કાર્યક્રમનુ સંચાલન યાકુબભાઈ મનસુરી અને જયંતીભાઈ પટેલે અને જયારે આભારવિધિ ચિમનભાઈ વિંઝુડા, વિષ્ણુભાઈ પટેલે કરી હતી. તેવું જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જિલ્લા ઉપપ્રમુખ જગતસિંહ ચૌહાણ અને શહેર મંત્રી અશ્વિનભાઈ દવેએ જણાવ્યુ છે.

## ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં. ૧ સને ૨૦૧૭-૧૮

(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત))
ગુજરાત સરકાર
**(ફક્ત વિજળીકરણના કામના ઠેકેદારો માટે)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવેલ કામ માટે ભાવપત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૨, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૬ દ્વારા વિજળીકરણને લગતા ૦૬ કામોની અંદાજીત કિંમત રૂ. ૪૮,૨૫૨.૭૫ થી ૨,૯૯,૬૩૬.૭૦/- છે. જેના ઓનલાઈન ભાવો ઠેકેદારો પાસેતી મંગાવવામાં આવે છે.

ટેન્ડર દસ્તાવેજોનો વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૧૨/૬/૨૦૧૭થી જોવા મળશે અને તા. ૨૦/૬/૨૦૧૭ના ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ/અપલોડ કરી શકાશે. વધારાની માહિતી અને ઓનલાઈન ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી.

માહિતી/૭૨૯/૧૭૧-૮

## જાહેર નિવિદા નં. ૪ સને ૨૦૧૭-૧૮

ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના માર્ગ અને મકાન તથા સિંચાઈ વિભાગના કોન્ટ્રાક્ટરોની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ કોન્ટ્રાક્ટરો પાસેથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ, માલપુર, ટેલીફોન નં. (૦૨૭૭૩) ૨૨૩૧૬૩ દ્વારા મકાનને લગતા કુલ-૧ (એક) કામના ટેન્ડરો માંગવામાં આવે છે. સદરહુ કામની અંદાજીત રકમ રૂ. ૦.૯૭ થી રૂ. ૨.૯૭ લાખ સુધીની છે. માન્ય ઈજારદારશ્રીઓને ટેન્ડરો તા. ૧૪/૬/૨૦૧૭ના રોજ ૧૬.૦૦ કલાક સુધી ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડરો ભરાઈને તા. ૧૬/૬/૨૦૧૭ સુધીમાં રજી.પો.એ.ડી. દ્વારા અત્રેની કચેરીએ પહોંચાડવાના રહેશે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ ઉપર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૧૬૭/૨૦૧૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ